FORTUNA PR

| Publication | The Economic Times-Gujarati | Date | 07-02-2019 | Page No. | 05 |
|---|---|---|---|---|---|
| Client Name | Havells India | Edition | Ahmedabad | | |

**Havells expansion plan with investment of Rs 1000 crore**

# હેવલ્સ ₹1,000 કરોડના રોકાણથી વિસ્તરણ કરશે

## સ્માર્ટ ટીવી, વોશિંગ મશીન બાદ રેફ્રિજરેટર બનાવવાની દિશામાં

ઇટી બ્યૂરો

અમદાવાદ

એસીની લોઇડ બ્રાન્ડની માલિકી ધરાવતી કન્ઝ્યુમર ડ્યુરેબલ કંપની હેવલ્સ આગામી બે વર્ષમાં વધુ ₹૧,૦૦૦ કરોડનાં રોકાણ દ્વારા વિસ્તરણ યોજના ઘડી રહી છે.

હેવલ્સ ઇન્ડિયા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અનિલ રાય ગુપ્તાએ જણાવ્યું હતું કે કંપનીએ તેના વિસ્તરણમાં છેલ્લાં બે વર્ષમાં ₹૨,૦૦૦ કરોડ જેટલું રોકાણ કર્યું છે. તેમાં લોઇડ બ્રાન્ડ હસ્તગત કરવાનો સમાવેશ થાય છે. સાથે સાથે કંપની આગામી બે વર્ષમાં પણ વધુ ₹૧,૦૦૦ કરોડ રોકાણની યોજના ધરાવે છે. તેમાં આગામી એપ્રિલ મહિનાથી રાજસ્થાનમાં એસી પ્લાન્ટ ઉત્પાદન કરતો થઈ જશે. આ પ્લાન્ટ વાર્ષિક ૬ લાખ એસીની ક્ષમતા ધરાવે છે. જેમાં કંપનીએ ₹૪૦૦ કરોડનું રોકાણ કર્યું છે. કંપની તેની કન્ઝ્યુમર ડ્યુરેબલ બ્રાન્ડ હેવલ્સમાં ₹૬૦૦ કરોડ જેટલા રોકાણ લાખે વિસ્તરણ કરશે.

કંપની તેનો પ્રોડક્ટ પોર્ટફોલિયો સતત વિસ્તારી રહી છે. હાલમાં એસી બજારમાં નવા પ્લાન્ટ સાથે નવાં બજારો સર કરશે અને આગામી દિવસોમાં કંપની તેમની સ્માર્ટ ટીવી, વોશિંગ મશીન બાદ હવે રેફ્રિજરેટર બનાવવાની દિશામાં પણ આગળ વધવાનું આયોજન કરી રહી છે. આગામી દોઢથી બે વર્ષમાં રેફ્રિજરેટર ક્ષેત્રે પણ કંપની પ્રવેશી ચૂકી હશે.

ગુજરાતમાં એસીની નવી શ્રેણી લોન્ચ કરતાં હેવલ્સ ઇન્ડિયાના સીએમડી અનિલ રાય ગુપ્તાએ જણાવ્યું હતું કે, "કંપનીની વૃદ્ધિમાં ગુજરાત વર્ષોથી વ્યૂહાત્મક માર્કેટ અને નંબર વન રહ્યું છે. અમે આગામી બે-ત્રણ વર્ષમાં રાજ્યમાં અમારી આવક બે ગણી કરવાનો ઉદ્દેશ ધરાવીએ છીએ. રાજ્યમાં અમે સ્વીકૃત બ્રાન્ડ છીએ અને અમે લોઇડ એસી માટે ઉત્પાદન એકમની સ્થાપના કરવામાં તેમજ લોઇડ બ્રાન્ડની ઇક્વિટી મજબૂત કરવા માટે નોંધપાત્ર રોકાણ કરી રહ્યા છીએ. ગ્રાન્ડે એસીની નવી શ્રેણી માત્ર ૪૫ સેકન્ડમાં તાપમાન ઘટાડીને ૧૮ ડિગ્રી સેલ્સિયસ કરી શકે છે. નવી રજૂ કરાયેલી લોઇડ ગ્રાન્ડે સિરીઝ અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ છે અને તે પીએમ ૨.૫ ફિલ્ટર ધરાવે છે જે હવાની ગુણવત્તા સુધારે છે."

લોઇડના સીઇઓ શશી અરોરાએ જણાવ્યું હતું કે, "રાજસ્થાનમાં ગિલોથ ખાતે અમારા એસી મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની સ્થાપના સાથે અમે ચાલુ વર્ષે એપ્રિલ મહિનાથી મેક ઇન ઇન્ડિયા વિશ્વસ્તરીય એસીની સપ્લાય શરૂ કરીશું. હાલમાં અમે દેશમાં એર કન્ડિશનર ઇન્ડસ્ટ્રીની ટોચની ત્રણ કંપનીઓમાં સ્થાન ધરાવીએ છીએ અને આ નવી પ્રોડક્ટ રેન્જ દ્વારા અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવીશું."

હેવલ્સ એ ભારતની સૌથી મોટી ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટ ઉત્પાદક કંપનીઓ પૈકી એક છે અને અનેક દેશોમાં હાજરી ધરાવે છે.



### આગામી બે વર્ષ માટે આક્રમક આયોજન

- કંપનીએ વિસ્તરણમાં છેલ્લા બે વર્ષમાં ₹૨૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે, હજુ રોકાણ વધારશે
- આગામી એપ્રિલ મહિનાથી રાજસ્થાનમાં કંપનીનો એસી પ્લાન્ટ ઉત્પાદન કરતો થઈ જશે જેની ક્ષમતા છ લાખ યુનિટ્સની છે
- હેવલ્સ માટે ગુજરાત મહત્ત્વનું બજાર છે. આગામી બે-ત્રણ વર્ષમાં રાજ્યમાં આવક બે ગણી કરવાનો કંપનીનો ઉદ્દેશ